નં.ડીએમ/ડીસીએચ/૮૦૯(૨)/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા.૦૮/૦૯/૨૦૨૩

# ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું જાહેરનામું

જામનગર જિલ્લામાં પોલીસ અધિક્ષકની કચેરી, વિભાગીય અધિકારીશ્રીની કચેરી, સર્કલ પોલીસ ઈન્સ્પેકટરની કચેરી તથા પોલીસ સ્ટેશનો અને અન્ય પોલીસ વિભાગની શાખા/કચેરીઓ આવેલ છે. જે કચેરી/શાખા/પોલીસ સ્ટેશન ખાતે લોકો દ્વારા તેમના પ્રશ્નો બાબતે ઉપવાસ તથા ધરણા પર બેસવામાં આવે છે. જેથી ખુબ જ મોટા સ્વરૂપે લોકોના ટોળા, રેલી અથવા સરઘસ દ્વારા પોલીસ વિભાગની કચેરીઓમાં મોટા અવાજે સૂત્રોચ્ચાર કરવામાં આવતા હોવાથી પોલીસ વિભાગની કચેરીઓની કામગીરીમાં વિક્ષેપ ઉભા થતા હોય, પોલીસ વિભાગની કચેરીઓ/શાખા/ પોલીસ સ્ટેશનની કામગીરીમાં વિક્ષેપ ઉભા ન થાય અને નાગરીકોને અગવડતા ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગની કચેરીઓ/શાખા/ પોલીસ સ્ટેશનના પરિસરના ૧૦૦ મીટર વિસ્તારમાં આંદોલન, ઉપવાસ, ધરણા પર બેસવા કે આવી કે પ્રવૃતિ કરવા પર પ્રતિબંધ ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૦૬/૦૯/૨૦૨૩ ના પત્ર નં.એલઆઈબી/ધરણા-જાહેરનામું/૩૫૬૨/૨૦૨૩ થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે મને વ્યાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ**, જામનગર **જિલ્લો**, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, **જામનગર જિલ્લામાં આવેલ પોલીસ વિભાગની તમામ કચેરીઓ/શાખા/ પોલીસ સ્ટેશનના પરિસરના ૧૦૦ મીટરના વિસ્તારમાં આંદોલન, ઉપવાસ, ધરણા પર બેસવા કે આવી કોઈ પ્રવૃતિ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.**

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતિય દંડ સંહિતા-૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા.૧૨/૦૯/૨૦૨૩ થી તા.૧૦/૧૧/૨૦૨૩ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા.૦૮ માહે : સપ્ટેમ્બર-૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

Office of the District Magistrate
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :–

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું તથા જાહેરનામાની અમલવારી કરાવવા સારૂ.

૨. કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર

૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (મુખ્ય મથક/ શહેર/ ગ્રામ્ય)

૬. મામલતદારશ્રી,
જામનગર(શહેર/ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. મામલતદારશ્રી,ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, જામનગર

૯. પો.ઈ/પો.સ.ઈ.શ્રી, તમામ......................... પોલીસ સ્ટેશન, જી.જામનગર

૧૦. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાંની ૨(બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫(પાંચ) નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૧. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૨. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના :–

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર.